બ્રાન્ડેડ ફ્રેમ • કોસ્મેટીક કોન્ટેક્ટ લેન્સ • ગોગલ્સ
SUKHARAM OPTICAL HOUSE
Shades BY SUKHARAM OPTICAL HOUSE
સુખારામ ઓપ્ટીકલ હાઉસ
કોમ્પ્યુટરાઈઝડ આઈ ટેસ્ટીંગ કોન્ટેક્ટ લેન્સ કલીનિક
યુ-૧ થી ૪, ત્રિભુવન કોમ્પ્લેક્ષ, પીઝાહટની બાજુમાં, ઘોડદોડ રોડ, સુરત.
ફોન : 2666806, મો. 78744 44876 (પાર્કીંગની વ્યવસ્થા)


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા


GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઈપો અને IBR ફીટીંગ્સ
MS અને GI ફીટીંગ્સ અને વાલ્વ
ચેનલ એન્ગલ, બીમ, પ્લેટ
MUGATLAL B. & SONS
"મુગટ હાઉસ",
ઉધના મેઈનરોડ, ક્રિષ્ણા પેટ્રોલ પંપની બાજુની ગલીમાં સુરત.
• બ્રાન્ચ : પ્લોટ નં.-૬૦૫, રોડ નં.-૬, G.I.D.C., સચીન.
ફોન : ૨૩૬૮૬૧૧, ૨૩૪૨૪૭૦ (મો.) ૯૮૨૪૧૦૯૩૩૩ સચીન
• E-mail : info@mugatlalbsons.com •

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેકસઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57
વર્ષઃ ૧૬૨ અંક : ૧૮ * * * સંવત ૨૦૮૧ પોષ વદ છઠ, સોમવાર ૨૦ જાન્યુઆરી, ૨૦૨૫ * * * દૈનિક : ૮૮
પાનાં ૧૨+૮ કિંમત ₹ ૫.૦૦

# મહાકુંભ મેળામાં સિલિન્ડર વિસ્ફોટથી આગ, 18 ટેન્ટ બળીને ખાખ



સેક્ટર 19માં આવેલા એક ટેન્ટમાં સિલિન્ડર ફાટતાં લાગેલી આગ ઝડપથી પ્રસરી



ફાયર બ્રિગેડે એક કલાકમાં આગને કાબુમાં લીધી, સદનસીબે કોઇ જાનહાની નથી



સોશિયલ મીડિયા પર આગના વીડિયો શેર થવાની સાથે જ વાયરલ બની ગયા

મહાકુંભ નગર, તા. 19 (પીટીઆઇ) : મહાકુંભ મેળાના સેક્ટર 19માં આજે રવિવારે સિલિન્ડર વિસ્ફોટને કારણે લાગેલી આગમાં લગભગ 18 ટેન્ટ આગને કારણે બળીને ખાખ થઈ ગયા હતા. જો કે ફાયર બ્રિગેડના જવાનોએ આગ પર સંપૂર્ણ કાબુ મેળવ્યો હતો. આ ઘટનામાં કોઇ જાનહાનિ થઈ નથી.

ચીફ ફાયર ઓફિસર (કુંભ) પ્રમોદ શર્માએ પીટીઆઈને જણાવ્યું હતું કે લગભગ 4.30 વાગ્યે સેક્ટર 19માં આગની જાણ થઈ હતી અને ફાયર ટેન્ડર તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. તેમણે કહ્યું હતું કે આગ લગભગ એક કલાકમાં સંપૂર્ણ કાબૂમાં આવી ગઈ હતી. આગ બુઝાવવા માટે લગભગ 15-16 વાહનો તૈનાત કરવામાં આવ્યા હતા. આ આગમાં 18 ટેન્ટ બળી ગયા હતા. આગ ફેલાવાથી ઘણા એલપીજી સિલિન્ડરો પણ ફાટ્યા હતા.

શર્માએ કહ્યું કે આ ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજા થઈ હોવાની માહિતી નથી. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પણ ઘટનાસ્થળનું નિરીક્ષણ કર્યું હતું, જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી સાથે ફોન પર વાત કરીને ઘટનાનો તાગ લીધો હતો.

પ્રયાગરાજ જિલ્લા મેજિસ્ટ્રેટ રવિન્દ્ર કુમાર મંદાડે કહ્યું કે સાંજે લગભગ 4.30 વાગ્યે ગીતા પ્રેસના કેમ્પમાં આગ લાગવાની માહિતી મળી, ત્યારબાદ પોલીસ, પ્રશાસન અને ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. તેમણે કહ્યું કે ગીતા પ્રેસની બાજુમાં આવેલા પ્રયાગવાલના લગભગ 10 ટેન્ટમાં આગ ફેલાઈ હોવાની માહિતી મળી હતી અને સ્થિતિ સામાન્ય થઈ ગઈ છે અને કોઈને ઈજા થઈ હોવાના અહેવાલ નથી.

અગાઉ, મહાકુંભ નગરના અખાડા પોલીસ સ્ટેશનના પ્રભારી ભાસ્કર મિશ્રાએ કહ્યું હતું હતું કે મહાકુંભ મેળાના સેક્ટર 19માં બે એલપીજી સિલિન્ડર ફાટ્યા, જેના કારણે શિબિરોમાં ભીષણ આગ લાગી.

ફાયર ફાયટર આગ ઓલવવાનો પ્રયાસ કરી રહ્યા છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક વીડિયો ક્લિપ પણ શેર કરવામાં આવી છે, જેમાં અસરગ્રસ્ત વિસ્તારમાંથી કાળા ધુમાડાના ગોટેગોટા નીકળતા જોવા મળતા હતા.

# આજે અમેરિકાના ૪૭મા પ્રમુખ તરીકે ટ્રમ્પની શપથવિધિ

**આ** વખતે સખત ઠંડીને કારણે કેપિટોલ હિલની સામે ખુલ્લા મેદાનમાં પરંપરાગત રીતે શપથવિધિને બદલે કેપિટોલ બિલ્ડિંગના બંધ હોલમાં શપથવિધિ થશે

**મોટા** ભાગની તૈયારીઓ પૂર્ણ, શપથવિધિ પૂર્વેની ઉજવણીઓ શનિવાર સાંજથી જ શરૂ થઇ ગઇ



વૉશિંગ્ટન, તા. ૧૯: અમેરિકાના પ્રમુખપદે ચૂંટાયેલા રિપબ્લિકન ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પની શપથવિધિ પરંપરાગત રીતે ૨૦મી જાન્યુઆરીએ થશે જે માટે અમેરિકાની રાજધાની વૉશિંગ્ટનમાં મોટા ભાગની તૈયારીઓ થઇ ચુકી છે. શપથવિધિ સામાન્ય રીતે કેપિટોલ હિલની સામેના ખુલ્લા મેદાનમાં થતી હોય છે પરંતુ આ વખતે સખત ઠંડી અને બરફ વર્ષાને કારણે કેપિટોલ બિલ્ડિંગમાં આવેલા એક વિશાળ ખંડમાં શપથવિધિ યોજાશે.

શપથવિધિ માટે રાજધાની વૉશિંગ્ટનમાં ટ્રમ્પનું આગમન થઇ ચુક્યું છે. તેઓ સ્થાનિક સમય પ્રમાણે શનિવારે સાંજે જ પોતાના કુટુંબ સાથે ફ્લોરિડા ખાતેના પોતાના નિવાસસ્થાનેથી વૉશિંગ્ટન આવી પહોંચ્યા છે. આ સાથે જ શનિવારની સાંજથી જ શપથવિધિ પહેલાની ઉજવણીઓ શરૂ થઇ ગઇ હતી. વૉશિંગ્ટનની બહાર ૩૦ માઇલ જેટલા અંતરે આવેલ સ્ટર્લિંગ, વર્જિનિયામાંના ટ્રમ્પ નેશનલ ગોલ્ફ કલબ ખાતે એક આતશબાજીનો કાર્યક્રમ શનીવારે સાંજે રાખવામાં આવ્યો હતો. શપથવિધિ કાર્યક્રમના આયોજકો મોટા ભાગના આઉટડોર કાર્યક્રમોને ઇન્ડોર કરવા માટેની છેલ્લી ઘડીની તૈયારીઓમાં લાગ્યા હતા. આ કાર્યક્રમોમાં પ્રમુખ અને ઉપપ્રમુખની શપથવિધિ ઉપરાંત અન્ય કેટલાક કાર્યક્રમોનો પણ સમાવેશ થાય છે. પેન્સિલવેનિયા એવન્યુ પર વ્હાઇટ હાઉસ તરફ જતા માર્ગો પર જે મેટલના બ્લીચર્સ ખુલ્લામાં શપથવિધિ માટે મૂકવામાં આવ્યા હતા તે કર્મચારીઓ ખસેડી રહ્યા હતા. ૧૯૮૫માં રોનાલ્ડ રીગનની શપથવિધિ બીજી ટર્મ માટે કેપિટોલ હિલમાં આવેલ કેપિટલ રોટુંડા નામના હૉલમાં થઇ તેના પછી ૪૦ વર્ષ જેટલા સમયગાળા પછી પ્રમુખની શપથવિધિ ખુલ્લા મેદાનમાં થવાને બદલે ઇન્ડોર થઇ રહી છે. ૨૦૧૭ની જાન્યુઆરીમાં ટ્રમ્પની પ્રથમ શપથવિધિ પણ ખુલ્લામાં જ થઇ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ડોનાલ્ડ ટ્રમ્પ પોતાના પત્ની મેલાનિયા ટ્રમ્પ અને પુત્ર બેરોન સાથે પોતાના વેસ્ટ પામ, ફ્લોરિડા ખાતેના મકાનેથી અમેરિકી લશ્કરના સી-૩૨ વિમાન મારફતે આવ્યા હતા. આ ફ્લાઇટને

અનુસંધાન પાના ૨ પર

## ટ્રમ્પ પહેલા જ દિવસે ૧૦૦ વટહુકમો પર હસ્તાક્ષર કરે તેવી વકી

વૉશિંગ્ટન, તા. ૧૯ (પીટીઆઇ): જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પ તેમની શપથવિધિ પછી સોમવારે બપોરે વ્હાઇટ હાઉસમાં પ્રવેશ કરશે ત્યારે ૧૦૦થી વધુ એક્ઝિક્યુટિવ આદેશો તેમની ઓવલ ઓફિસના ડેસ્ક પર તેમની પ્રતિક્ષા કરી રહ્યા હશે, જે આદેશો તેમની ટીમે તેમની બીજી ટર્મની શરૂઆત કોઇ પણ મીનિટ વેડફાયા વિના થઇ શકે તે માટે તૈયાર કરીને રાખ્યા છે. આ વટહુકમો મોટે ભાગે તેમના ચૂંટણી વચનો પૂર્ણ કરવા માટેનો હેતુ ધરાવે છે. એનબીસીને આપેલ એક ઇન્ટરવ્યુમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે

અનુસંધાન પાના ૨ પર

## બાઇડને પોતાનો છેલ્લો દિવસ સાઉથ કેરોલિનાની ઓફિસમાં વીતાવ્યો

વૉશિંગ્ટન, તા. ૧૯: અમેરિકી પ્રમુખ જો બાઇડને પ્રમુખ તરીકેનો પોતાનો છેલ્લો દિવસ રવિવારે સાઉથ કેરોલીનાની ઓફિસમાં વીતાવ્યો હતો, જે રાજ્યમાં તેમને ૨૦૨૦માં ડેમોક્રેટિક પ્રાઇમરી

અનુસંધાન પાના ૨ પર

તા. ૧૯-૦૧-૨૦૨૫નું વડોદરા શહેરનું
**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૨.૬° સે. | ૧૯.૨° સે. | ૪૦% |




## ટ્રમ્પની શપથવિધિ પહેલા વૉશિંગ્ટન ડીસીમાં હજારોના વિરોધ પ્રદર્શનો

વૉશિંગ્ટન, તા. ૧૯(પીટીઆઇ): ડોનાલ્ડ ટ્રમ્પ ૨૦મી જાન્યુઆરીએ અમેરિકાના ૪૭મા પ્રમુખ તરીકે શપથવિધિ થાય તે પહેલા હજારો લોકો અહીં ટ્રમ્પની નીતિઓ સામે વિરોધ કરવા ભેગા થયા છે.

નોનપ્રોફિટ સંસ્થાઓનું એક ગઠબંધન, જેમાં સખી ફોર સાઉથ એશિયન સર્વાઇવર્સનો પણ સમાવેશ થાય છે તેમણે અહીં પીપલ્સ માર્ચના બેનર હેઠળ ટ્રમ્પની નીતિઓના વિરોધમાં દેખાવો યોજ્યા હતા. અગાઉ વિમેન્સ માર્ચ તરીકે ઓળખાતી પીપલ્સ માર્ચ ૨૦૧૭થી દર વર્ષે અહીં યોજાય છે. ટ્રમ્પના પોસ્ટરો અને બેનર દર્શાવતા વિરોધ પ્રદર્શનકારોએ આગામી પ્રમુખ વિરુદ્ધ અને ટેસ્લાના માલિક ઇલોન મસ્ક સહિતના તેમના ખાસ ટેકેદારો વિરુદ્ધ પણ સૂત્રોચ્ચારો કર્યા હતા. આ જ જૂથે આવું જ વિરોધ પ્રદર્શન જાન્યુઆરી ૨૦૧૭માં પણ યોજ્યું હતું જ્યારે ટ્રમ્પની પ્રથમ વખત શપથવિધિ થઇ હતી.

# સૈફ પર હુમલો કરવા બદલ એક બાંગ્લાદેશી શખ્સની પોલીસે ધરપકડ કરી

**વ્યાપક** શોધખોળ પછી શેહઝાદ નામનો બાંગ્લાદેશી શખ્સ મુંબઇમાંથી જ ઝડપાઇ ગયો

**પ્રાથમિકપણે** ચોરીના ઇરાદે સૈફના ઘરમાં પ્રવેશ્યો હોવાનું જણાય છે પણ આંતરરાષ્ટ્રીય કાવતરાના એંગલથી પણ તપાસ શરૂ કરાઇ

**કોર્ટમાં** રજૂ કરાતા કોર્ટે પોલીસને પાંચ દિવસની કસ્ટડી પર સોંપ્યો



મુંબઇ, તા. ૧૯(પીટીઆઇ): મુંબઇ પોલીસે આજે એક બાંગ્લાદેશી શખ્સની કથિત રીતે અભિનેતા સૈફ અલી ખાનને તેના બાંદ્રાના નિવાસ સ્થાને ત્રણ દિવસ પહેલા તીક્ષ્ણ હથિયારથી ઘા કરવા બદલ કરી હતી. પ્રાથમિકપણે આ ચોરીના પ્રયાસમાં થયું હોવાનું જણાય છે પણ આમાં જો કોઇ આંતરરાષ્ટ્રીય કાવતરું હોય તો તે ખુલ્લુ પાડવા માટે પોલીસ તેની પૂછપરછ કરી રહી છે.

પ્રાથમિક તપાસ સૂચવે છે કે આ શખ્સ એ બાબતથી વાકેફ ન

અનુસંધાન પાના ૨ પર

## સૈફ પર હુમલાનો આરોપી બનાવ પછી બાંદ્રા બસ સ્ટોપ પર સૂઇ ગયો હતો

**પ્રાથમિક** તપાસમાં જણાયું કે તે આઠમા માળ સુધી દાદર ચડીને ગયો પછી પાઇપ પર રહીને બારમા માળે ગયો અને બાથરૂમની બારીમાંથી સૈફના ઘરમાં ઘૂસ્યો

મુંબઇ, તા. ૧૯: બોલીવુડ અભિનેતા સૈફ અલી ખાન પર ૧૬ જાન્યુઆરીએ ચાકુ વડે તેના નિવાસસ્થાને જ હુમલો કરનાર આરોપી શેહઝાદ આ હુમલાના બનાવ પછી ભાગીને બાંદ્રા બસ સ્ટોપ પર ગયો હતો અને સવારના સાત વાગ્યા સુધી ત્યાં જ હતો. તે બાંદ્રા બસ સ્ટોપ પર જ રાત્રે સૂઇ રહ્યો હતો એમ પોલીસે આજે જણાવ્યું

અનુસંધાન પાના ૨ પર

## બાંગ્લાદેશથી ગેરકાયદે ઘૂસ્યા બાદ નામ બદલ્યું: પોલીસ

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે બાંગ્લાદેશથી ભારતમાં ગેરકાયદે ઘૂસ્યા બાદ શેહઝાદે પોતાનું નામ બદલીને વિજય દાસ કર્યું હતું.

# અમેરિકામાં પ્રતિબંધનો અમલ શરૂ થતાં ટિકટોક બંધ થઈ ગયું

**ટિકટોક** કંપનીએ કહ્યું કે હોદ્દા પર આવ્યા પછી આ એપ ફરી શરૂ કરાવવા કામ કરવા ટ્રમ્પે સંકેત આપ્યો છે

હ્યુસ્ટન, તા. ૧૯(પીટીઆઇ): અમેરિકામાં ટિકટોક એપ પર પ્રતિબંધ મૂકતો કાયદો અમલમાં આવે તેના થોડા કલાકો પહેલા આ લોકપ્રિય વીડિયો શેરિંગ પ્લેટફોર્મ બંધ થઇ ગયું હતું.



આ એપ અમેરિકામાં શનિવારે બંધ થઇ ગયું હતું. ટિકટોક પર પ્રતિબંધ મૂકતો કાયદો અમેરિકામાં કમનસીબે અમલી બન્યો છે, તેનો અર્થ એ કે તમે હવે ટિકટોકનો ઉપયોગ કરી શકશો નહીં એમ અમેરિકન યુઝરો જ્યારે આ એપ ખોલતા હતા ત્યારે સંદેશ વંચાતો હતો. આપણુ સદભાગ્ય છે કે પ્રમુખ ટ્રમ્પે સંકેત આપ્યો છે કે તેઓ હોદ્દો

અનુસંધાન પાના ૨ પર